# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. કેન્દ્રીય મંત્રી નિર્મલા સિતારામણે વર્ષ 2026-27નું યુવાશક્તિ, મહિલા શક્તિ અને ગ્રામ્ય સ્તર માટેના સર્વાંગી વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું
2. આવકવેરાના સ્લેબને યથાવત રાખીને પહેલી એપ્રિલથી નવો આવકવેરા કાયદો અમલી બનાવવાની જાહેરાત, કાપડ ઉદ્યોગ, મસ્ત્ય ઉદ્યોગ અને શિક્ષણ તેમજ આઇટી સેક્ટરને પ્રોત્સાહિત કરતી બજેટમાં જોગવાઇ
3. દાનકુનીથી સુરતના નવો 'ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર', લોથલ અને ધોળાવીરાને 'વાઇબ્રન્ટ એક્સપિરિયન્સીયલ કલ્ચરલ સેન્ટર તરીકે વિકસવવાની જામનગરના પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરવાની ગુજરાત માટેની કેન્દ્રીય બજેટમાં ત્રણ જાહેરાતો
4. રાજ્યભરના વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારોએ કેન્દ્રીય બજેટને આવકાર્યું
5. બજેટની જાહેરાત બાદ શેરબજારમાં કડાકો

,,.....................................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BUDGET MAIN STORY - 1

કેન્દ્રીય નાણામંત્રી **નિર્મલા સીતારમણે** આજે સંસદમાં રજૂ કરેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં દેશના અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જવા માટે અનેક ક્રાંતિકારી જાહેરાતો કરી છે. બજેટ ૨૦૨૬-૨૭ને 'વિકસિત ભારત'ના પાયા તરીકે ગણાવતા તેમણે આ વર્ષનું અંદાજપત્ર ત્રણ મુખ્ય 'કર્તવ્યો'- આર્થિક વૃદ્ધિ. ક્ષમતા નિર્માણ , સંસાધનોની પહોંચના વિસ્તાર પર પ્રેરિત હોવાનું જણાવ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશમાં આર્થિક સુધારાની 'રિફોર્મ એક્સપ્રેસ' (Reform Express) પૂરપાટ ઝડપે આગળ વધી રહી છે. ૨૦૨૫ ના સ્વતંત્રતા દિવસ પછી સરકારે ૩૫૦થી વધુ આર્થિક સુધારાઓ લાગુ કર્યા છે, જેમાં જીએસટી (GST) સરળીકરણ અને શ્રમ કાયદાઓનો સમાવેશ થાય છે.

બજેટને **'યુવા શક્તિ'** પર આધારિત ગણવતા સુશ્રી ' **સીતારમણે** કહ્યું કે, વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૬ 'માં યુવાનો દ્વારા આપવામાં આવેલા નવીન વિચારોને આ બજેટમાં સ્થાન આપવામાં આવ્યું છે. નાણામંત્રીએ **'સંકલ્પ'** યોજના હેઠળ ગરીબ, વંચિત અને પછાત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવાની નેમ વ્યક્ત કરી છે.

કરવેરાના મોરચે પણ આ બજેટ ઐતિહાસિક પરિવર્તન લાવ્યું છે. આગામી એક એપ્રિલ ૨૦૨૬થી નવો **'ઇન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫** ' અમલમાં આવશે, જે કરચોરી રોકવા અને પ્રામાણિક કરદાતાઓને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરાયો છે. આ ઉપરાંત, વિદેશી રોકાણને આકર્ષવા માટે એવી વિદેશી કંપનીઓને **વર્ષ ૨૦૪૭ સુધી 'ટેક્સ હોલિડે** ' કર મુક્તિ આપવાની દરખાસ્ત છે , જે ભારતના ડેટા સેન્ટરનો ઉપયોગ કરીને વિશ્વભરમાં ક્લાઉડ સેવાઓ પૂરી પાડશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે ટેક્સ એડમિનિસ્ટ્રેશનમાં પારદર્શિતા લાવવા માટે કોર્પોરેટ બાબતોનું મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ ( CBDT) એક સંયુક્ત સમિતિની રચના કરશે.

. . . . . . . .

# BUDGET MAIN STORY - 2

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ખર્ચ ૫૩ લાખ ૪૭ હજાર ૩૧૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. દેશના માળખાગત વિકાસને વેગ આપવા માટે સરકારે મૂડી ખર્ચમાં મોટો વધારો કર્યો છે , જે હવે વધીને ૧૨.૨૧ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

કર અને કર સિવાયની આવક મળીને કુલ મહેસૂલી આવક અંદાજે ૩૫.૩૩ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે. કેન્દ્રના ચોખ્ખી કરવેરા આવકમાં વધારો જોવા મળી છે, જે હવે આશરે ૨૮.૬૬ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.

રાજકોષીય શિસ્ત જાળવી રાખતા, સરકારે રાજકોષીય ખાધને જીડીપીના ૪.૩ ટકા સુધી મર્યાદિત રાખવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે , જે પાછલા વર્ષોની સરખામણીએ સતત ઘટાડો દર્શાવે છે. આ ઉપરાંત, રાજ્યોને હસ્તાંતરિત કરવામાં આવતા કુલ સંસાધનોમાં પણ વધારો થયો છે, જે હવે અંદાજે ૨૫.૪૩ કરોડ રૂપિયા પર પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# BUDGET SECTOR TYPES

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે રજૂ કરેલા બજેટમાં દેશના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. 'સબકા સાથ , સબકા વિકાસ' ના મંત્ર સાથે, આ બજેટમાં સમાજના દરેક વર્ગ અને ક્ષેત્ર સુધી સંસાધનો પહોંચાડવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

બજેટની ક્ષેત્રવાર મુખ્ય જાહેરાતો પર નજર કરીએ

સૌપ્રથમ, કૃષિ અને ગ્રામીણ વિકાસની વાત કરીએ તો , ખેડૂતોની આવક વધારવા માટે નાળિયેર , ચંદન, કોકો અને કાજુ જેવા ઉચ્ચ મૂલ્ય ધરાવતા પાકોના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવશે . આ ઉપરાંત , 'ભારત વિસ્તાર ' (Bharat-VISTAAR) નામનું AI ટૂલ લોન્ચ કરવાની દરખાસ્ત છે , જે ખેડૂતોને પાક પદ્ધતિ અને ટેકનોલોજી અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડશે . ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ દ્વારા સંચાલિત ઉદ્યોગો માટે શી-માર્ટસની સ્થાપના કરવામાં આવશે.

આ બજેટમાં ગુજરાતને લગતી પણ મહત્વની જાહેરાત કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ.....

## (V/C – JAYESH VEGDA)

*(કેન્દ્ર સરકારે પોતાના બજેટમાં ભારતના આર્થિક વિકાસની દિશા નક્કી કરતાં બજેટ 2026માં નાણામંત્રીએ કરેલી સૌથી મહત્ત્વની જાહેરાતોમાં ખેડૂતો માટે AI પ્લેટફોર્મની જાહેરાત કરી, સુરત-ડંકુની ફ્રેઇટ કોરિડોરની જાહેરાત જેમાં સુરતથી પશ્ચિમ બંગાળના ડંકુની વચ્ચે રેલવે ટ્રેક બનશે.*

*આ રેલવે ટ્રેક માત્ર માલગાડીઓ માટે હશે. જેનાથી સુરતનું ટેક્સટાઇલ અને ડાયમંડ માર્કેટ વધુ કાર્યક્ષમ બનશે અને સીધુ પૂર્વીય ભારત સાથે ઝડપથી જોડાશે. ટ્રક કરતાં ટ્રેન દ્વારા માલ મોકલવો સસ્તો અને ઝડપી થતાં સુરતના વેપારીઓને ફાયદો થશે. જામનગર સ્થિત પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરાશે..*

*જ્યારે સાત નવી હાઇ સ્પીડ રેલ કોરિડોરની પણ મહત્વપૂર્ણ જાહેરાત કરાઇ છે.. જેમાં . મુંબઈ-પૂણે.. પૂણે-હૈદરાબાદ,. હૈદરાબાદ-ચેન્નઈ,.હૈદરાબાદ-બેંગલુરૂ,.ચેન્નઈ-બેંગલુરૂ ,.દિલ્હી-વારાણસી,.વારાણસી-સિલિગુડીનો સમાવેશ થાય છે.. આ ઉપરાંત લોથલ અને ધોળાવિરાને સાસ્કૃતિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જોગવાઇ કરવામાં આવી છે..*

*જયેશ વેગડા,આકાશવાણી સમાચાર અમદાવાદ)*

નાણામંત્રીએ જાહેરાત કરી કે આગામી પાંચ વર્ષમાં ભારતને બાયોફાર્મા ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માટે ૧૦ ,000 કરોડ રૂપિયાના ખર્ચ સાથે 'બાયોફાર્મા શક્તિ' (Biopharma SHAKTI) યોજના શરૂ કરવામાં આવશે. આ અભિયાન હેઠળ ત્રણ નવી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NIPER) ની સ્થાપના કરવામાં આવશે અને હાલની સાત સંસ્થાઓને અપગ્રેડ કરીને એક મજબૂત નેટવર્ક તૈયાર કરવામાં આવશે.

ઔદ્યોગિક વિકાસના અન્ય મહત્વના પાસાઓ પર નજર કરીએ તો:

ઇલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદનને વેગ આપવા માટેની યોજનાની ફાળવણી વધારીને ૪0,000 કરોડ રૂપિયા કરવામાં આવી છે.

કેમિકલ અને માઇનિંગ માં : ખાણકામ, પ્રોસેસિંગ અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે દેશમાં ત્રણ સમર્પિત કેમિકલ પાર્ક સ્થાપવાની દરખાસ્ત છે.

કન્ટેનર ઉત્પાદન: ગ્લોબલ સપ્લાય ચેઇનમાં ભારતનો હિસ્સો વધારવા માટે આગામી પાંચ વર્ષ માટે ૧૦ ,000 કરોડ રૂપિયાની કન્ટેનર મેન્યુફેક્ચરિંગ સ્કીમ જાહેર કરવામાં આવી છે.

કાપડ ઉદ્યોગ અને ગ્રામીણ કલાકારો માટે નાણામંત્રીએ 'મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ' પહેલની જાહેરાત કરી છે , જે ખાદી, હેન્ડલૂમ અને હસ્તકલાને મજબૂત બનાવશે. આ ઉપરાંત , મેગા ટેક્સટાઇલ પાર્ક્સમાં 'નેશનલ ફાઇબર સ્કીમ ' અને 'નેશનલ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ પ્રોગ્રામ ' જેવો એકીકૃત કાર્યક્રમ અમલી બનાવવામાં આવશે.

વધુ વિગત એક અહેવાલમાં........

**(V/C – કરણ મકવાણા)**

(અંદાજપત્ર રજૂ કરતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે છેવાડાના અને અંતરિયાળ વિસ્તારોને જોડવા માટે સી-પ્લેનના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે, જેનાથી પર્યટન અને કનેક્ટિવિટી બંને મજબૂત બનશે. તેમણે દેશના ચાર દરિયાકાંઠાના રાજ્યો ઓડિશા , કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં સમર્પિત 'રેર અર્થ કોરિડોર' સ્થાપવાની દરખાસ્ત રજૂ કરી.

નાણામંત્રીએ જણાવ્યું કે સરકાર કાપડ ક્ષેત્રમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ માટે , સરકાર "મહાત્મા ગાંધી હેન્ડલૂમ યોજના" શરૂ કરશે . જળમાર્ગ ક્ષેત્રે નિષ્ણાતો તૈયાર કરવા માટે પ્રાદેશિક સ્તરે 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ એક્સલન્સ ' તરીકે ઓળખાતી તાલીમ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે. મેડિકલ ટુરીઝમના પ્રોત્સાહન માટે દેશમાં પાંચ રિજનલ મેડિકલ હબનું નિર્માણ થશે.

કરણ મકવાણા,આકાશવાણી સમાચાર અમદાવાદ)

આરોગ્ય અને સુખાકારી માટે દેશમાં માનસિક સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉત્તર ભારતમાં 'નિમહાન્સ-૨' (NIMHANS-2) ની સ્થાપના કરવામાં આવશે અને રાંચી તથા તેજપુરની સંસ્થાઓને પ્રાદેશિક સર્વોચ્ચ સંસ્થાઓ તરીકે અપગ્રેડ કરાશે . આ ઉપરાંત , આગામી પાંચ વર્ષમાં એક લાખ જેટલા એલાઈડ હેલ્થ પ્રોફેશનલ્સની નિમણૂક કરવામાં આવશે.

આર્યુવેદિક સેવાઓ માટે દેશમાં ત્રણ નવી ઓલ ઈન્ડિયા આર્યુવેદ સંસ્થા સ્થપાશે.

શિક્ષણ અને રોજગાર ક્ષેત્રની વાત કરીએ તો ઔદ્યોગિક કોરિડોર પાસે પાંચ 'યુનિવર્સિટી ટાઉનશિપ' વિકસાવવામાં આવશે. દરેક જિલ્લામાં કન્યાઓ માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરવામાં આવશે . તેમજ, ૧૫,૦૦૦ શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં AVGC કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ સ્થાપવામાં આવશે.

ઉદ્યોગ અને MSME ક્ષેત્રના નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના 'SME ગ્રોથ ફંડ ' ની જાહેરાત કરાઈ છે . તેમજ, કાપડ ઉદ્યોગ માટે 'સમર્થ ૨.૦ ' (Samarth 2.0) અને વારસામાં મળેલી ૨૦૦ ઔદ્યોગિક વસાહતોને પુનર્જીવિત કરવાની યોજના છે.

પ્રાદેશિક વિકાસ અને પર્યટનને પ્રોત્સાહન આપવા પૂર્વોદય રાજ્યોના વિકાસ માટે દુર્ગાપુર ખાતે નોડ સાથેનો ઈસ્ટ-કોસ્ટ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર અને ૪ ,૦૦૦ ઈ-બસો પૂરી પાડવામાં આવશે . લોથલ અને ધોળાવીરા સહિત દેશના ૧૫ પુરાતત્વીય સ્થળોને વૈશ્વિક કક્ષાના પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવામાં આવશે.

પરિવહન અને ઉર્જા ક્ષેત્રે દેશના મુખ્ય શહેરો વચ્ચે ૭ હાઇ-સ્પીડ રેલ કોરિડોર વિકસાવવામાં આવશે , જેમાં મુંબઈ-પુણે અને દિલ્હી-વારાણસી જેવા રૂટ્સનો સમાવેશ થાય છે . ઉર્જા ક્ષેત્રે કાર્બન કેપ્ચર ( CCUS) ટેકનોલોજી માટે ૨૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના છે.

મત્સ્ય ઉદ્યોગ માટે પાંચસો જેટલા સરોવર અને અમૃત સરોવરના એકિકરણની યોજના.પશુ સારવાર માટે પર વધુ ભાર – ખાનગી ક્ષેત્રના સહયોગ સાથે વધુ કેન્દ્રો . પૂર્વ ભારતમાં નવા એનઆઇડી સંસ્થાનોની સ્પાથના કરાશે . પશુપાલન માટે લોન આધારિત સબસિડી અમલમાં મૂકાશે . પશુપાલન ઉદ્યોગનું સંવર્ધન અને આધુનિકિકરણ કરાશે.

. . . . . . . . . . . . .

# PM BUDGET REATION

કેન્દ્રીય બજેટની જાહેરાત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસને આગળ લઇ જતું બજેટ ગણાવ્યુ હતું , તેમણે કહ્યું હતું કે , યુવાનોના સપનાને પુરા કરનારુ આ બજેટ છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

. . . . . . . . . . . . . .

# BUDGET INCOME TAX

આવકવેરા અંગેની બજેટમાં જાહેરાત કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે આવકવેરા ફોર્મ સરળ બનાવવામાં આવશે. નવા કાયદામાં ટેકનિકલ ભૂલો માટે દંડને દંડથી બદલવાનો પ્રસ્તાવ છે. નાના કર ગુનાઓ પર જ દંડ લાગશે. વિદેશ મુસાફરી પર કર ઘટાડવામાં આવશે. વિદેશ મુસાફરી માટે TCS દર ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. 31 જુલાઈ સુધી રિટર્ન ફાઇલ કરી શકાય છે.

આ કાયદામાં અઘોષિત આવકને એક કરોડ સુધી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ છે. આવકવેરા રિટર્ન (ITR) ભરવા માટેના ફોર્મને સરળ બનાવવામાં આવશે જેથી સામાન્ય કરદાતા પણ આસાનીથી રિટર્ન ફાઈલ કરી શકે. ટેકનિકલ ખામીઓ બદલ હવે સજાને બદલે માત્ર દંડની જોગવાઈ કરવામાં આવી છે. નાના ટેક્સ ગુનાઓ માટે જેલની સજા નહીં, પણ માત્ર આર્થિક દંડ લાગશે. વિદેશ પ્રવાસ પર લાગતા ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

વિદેશ યાત્રા માટે TCSનો દર ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. અઘોષિત આવકની મર્યાદા વધારીને એક કરોડ રૂપિયા સુધી કરવાનો પ્રસ્તાવ છે , જેનાથી કાયદાકીય ગૂંચવણો ઓછી થશે. કરદાતાઓ 31 જુલાઈ સુધી પોતાનું રિટર્ન ફાઈલ કરી શકશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# કેન્દ્રીય બજેટમાં કરવેરા, બેંકીંગ, રમતગમત અને પ્રવાસન અંગેની મહત્વની જાહેરાતો જોઇએ તો...

- બેકિંગ સેક્ટરમાં સુધારા યથાવત રહેશે
- વિકસિત ભારત અંતર્ગત બેન્કિંગ સેક્ટરમાં સુધારા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરાશે.
- સરકારી અને ખાનગી બેંકો માટે નવા એએચપીની રચના – પાંચ વર્ષમાં નવા એએચપી બનશે
- વિદેશી ભંડોળ વ્યવસ્થાપનના નિયમોની વ્યાપક સમીક્ષા કરાશે.
- મોટા શહેરોમાં મ્યુનિસિપલ બોન્ડની જોગવાઇ કરાશે
- એક હજાર કરોડથી વધુના એકલ બોન્ડ માટે 100 કરોડનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- ગ્રામ્ય વિદ્યુતિકરણ નિગમમાં સુધારણાની જોગવાઈ કરવામાં આવી છે.
- વ્યક્તિક પીઆરઓઇના રોકાણને વધુ સુગમ બનાવાશે
- સેમિકન્ડકરના વિકાસ માટે આઇએસએમ 2.0 શરૂ કરાશે
- ખગોળ વિજ્ઞાને પ્રોત્સાહિત કરવા ચાર ટેલિસ્કપ ઇન્ફ્રા ફેસિલિટી ઉભી કરાશે
- 20 લોકપ્રિય પ્રવાસન સ્થળો ઉપર 10 000 ગાઇડના માર્ગદર્શન માટે વ્યવસ્થા
- ઓરિસ્સા, કર્ણાટકમાં ટર્ટલ ટ્રેઇલ્સ
- આન્ધપ્રદેશ, તામિલનાડુમાં બર્ડ વોચિંગ ટ્રેઇલ્સ
- આગામી દશક માટે રમતગમતના પ્રોત્સાહન માટે ખેલો ઇન્ડિયા મિશનનો આરંભ
- ટ્રેકિંગ અને હાઇકિંગ ક્ષેત્રનો વિકાસ કરવાની યોજના

. . . . . . . . . . . .

# BUDGET REACTION

કેન્દ્રીય બજેટની જાહેરાત બાદ રાજ્યભરના તમામ ક્ષેત્રના ઉદ્યોગકારોએ બજેટને વિકાસ લક્ષી ગણાવ્યું છે..

ગુજરાત વ્યાપારી મહામંડળના પ્રમુખ સંદીપ એન્જિનિયરે કહ્યું હતું કે બજેટની જાહેરાતોને કારણે ગુજરાતના આર્થિક ક્ષેત્રનો વિકાસ થશે.

(બાઇટ- સંદીપ એન્જિનિયર, પ્રમુખ જીસીસીઆઇ, અમદાવાદ)

બજેટને આવકારતાં દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ કહ્યું હતું કે તમામ ક્ષેત્રોની આ બજેટમાં કાળજી રાખવામાં આવી છે.

(બાઇટ- નિખિલ મદ્રાસી, પ્રમુખ , દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ પ્રમુખ)

અરવલ્લીના બિલ્ડર એસોસિશેનના પ્રમુખ કમલેશ પટેલે આ બજેટને ગુજરાતનો અને દેશનો વિકાસ કરનારુ ગણાવ્યું હતું.

(બાઇટ- કમલેશ પટેલ)

. . . . . . . . . . . . .

# MARKET DOWN

કેન્દ્રીય બજેટની રજૂઆત દરમિયાન ભારતીય શેરબજારમાં ઘટાડાનો દોર શરૂ થયો હતો.. બજેટને કારણે રવિવારે કાર્યરત રહેલા શેરબજારમાં બજેટની રજૂઆત અગાઉ વધારોનો દોર શરૂ થયો હતો પરંતુ બજેટ રજૂ થતાની સાથે જ માર્કેટમાં બે હજાર કરતાં વધુ પોઇન્ટનો કડાકો થયો હતો.. જેમ જેમ બજેટની રજૂઆત થતી ગઇ તેમ તેમ ઘટાડો ઓછો થતો હતો. જોકે હાલમાં પણ માર્કેટમાં કડાકોનો દર યથાવત છે અને સેન્સેક્સ 850 અને નિફ્ટીમાં 300 પોઇટનો કડાકો છે..

. . . . . . . . . . . . . . . . . . . .